**ભાસ્કર વિશેષ** | યુનિવર્સિટી હોસ્ટેલમાં 3500 વિદ્યાર્થીઓના પ્રવેશ રીન્યુ કરવાની અરજી મળી

# માસ પ્રમોશન અને ઊંચા પરિણામ બાદ યુનિ.માં વધુ પ્રવેશ અપાયો, હવે 2 વર્ષે શરૂ થતી હોસ્ટલમાં પ્રવેશની પળોજણ

## મ.સ.યુનિ.ના 1 હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓને અન્ય જગ્યાએ રહેવું પડશે

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

ધો.12માં માસ પ્રમોશન અને ઉંચા પરિણામ બાદ યુનિ.માં વધુ એડમિશન અપાયા હતા. હવે 2 વર્ષે હોસ્ટેલ શરૂ થવા જઇ રહી છે ત્યારે પ્રવેશની પળોજણ પડકારરૂપ બનશે.

એમ.એસ.યુનિવર્સિટીની હોસ્ટેલમાં બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલમાં 5 હજાર વિદ્યાર્થીઓની કેપેસીટી છે જેમાંથી 3500 જેટલા વિદ્યાર્થીઓ કે જે અત્યારે હોસ્ટેલમાં રહે છે તેમના રીન્યુઅલની પ્રક્રિયા શરૂ કરી દેવાય છે. 1500 બાકી બચેલી જગ્યા પર નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જે તે ફેકલ્ટી સત્તાધીશો દ્વારા મેરીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવશે. શહેર બહાર રહેતા અને યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારા તમામ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં શમાવી શકાશે નહિ. અંદાજીત 1 હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓને ખાનગી હોસ્ટેલ કે પીજીમાં આશ્રય લેવો પડશે.

કોરોના મહામારી પછી બે વર્ષના લાંબા ગાળા બાદ હોસ્ટેલમાં પૂર્ણ ક્ષમતા સાથે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. કોરોના મહામારીના સમયમાં શરૂઆતના તબક્કે હોસ્ટેલો બંધ રાખવામાં આવી હતી. ત્યારબાદ માસ્ટર્સ અને પીએચડીના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. 2022 જાન્યુઆરી થી તમામ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવાઇ હતી. જેમાં એફવાય,એસવાય અને ટીવાયના 3500 જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લઇ લીધો હતો જેના કારણે આ વિદ્યાર્થીઓને હવે નવા વર્ષમાં માત્ર રીન્યુઅલ જ કરાવાનું રહેશે. 5 હજાર બેઠકોમાંથી 1500 જેટલી બેઠકો ખાલી રહી છે જેમાં નવા આવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. ફેકલ્ટીમાં જે અરજી આવે તે પ્રમાણે પ્રવેશ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓને મેરીટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. હોસ્ટેલમાં માત્ર 5 હજરા વિદ્યાર્થીઓની ક્ષમતા છે જેથી નવા આવતા ઘણા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ નહિ મળી શકે. વિદ્યાર્થીઓને એમ.એસ.યુનિવર્સિટીની હોસ્ટેલ સીવાય બહારની હોસ્ટેલ તથા પીજીમાં રહેવાનો વારો આવશે. જોકે દર વર્ષે સંખ્યાબંધ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં પ્રેવશ મેળવી શકતા નથી જેથી પીજી કે અન્ય હોસ્ટેલમાં રહીને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હોય છે.